©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JULY 3, 2025 / ASHADHA 12, 1947** **[No. 27**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના તારીખઃ **૭મી મે, ૨૦૨૫**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૨૭/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૬૬૦/ચ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫-નો ૨૭/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૬૬૦/ચઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૩-માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તાર-માંથી, કોલમ ૫-માં દર્શાવેલો સ્થાનિક વિસ્તાર બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭-માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬-માં જણાવેલા નવા ગામ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો	નવા બનેલા ગામનું નામ	નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	વ્યારા	કરંજવેલ	૧. કરંજવેલ ૨. કપડવાણ	૧. કપડવાણ	કરંજવેલ	૧. કરંજવેલ
					કપડવાણ	૧. કપડવાણ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**-નું તારીખઃ **૨૯મી માર્ચ, ૨૦૨૫**-નું **જાહેરનામા ક્રમાંકઃ જી/એનજે/૨૦૨૫/૧૭૯/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/આરઆરઆર/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૫/૧૫૮૧/સેક્શન-ઈપ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Repealing the Overseer (Civil), Class III under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, Recruitment (Repeal) Rules, 2018

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ઓવરસિયર (સિવિલ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૮ રદ કરવા સંબંધી

જાહેરનામું

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જી/એનજે/૨૦૨૫/૧૭૯/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/આરઆરઆર/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૫/૧૫૮૧/સેક્શન-ઈપ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજે/૨૦૧૮/આરઆરઓ/૧૮૨૦૧૫/૨/ઈ-૫ હેઠળ બહાર પાડેલા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ઓવરસિયર (સિવિલ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૮ રદ કરવા નીચેના નિયમો કરે છે:

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ઓવરસિયર (સિવિલ), વર્ગ ૩, ભરતી (રદ કરવા બાબત) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ઓવરસિયર (સિવિલ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૮ આથી રદ કરવામાં આવે છે:

પરંતુ આવી રીતે રદ થવાથી, આવી રીતે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કૃત્ય અથવા લીધેલા કોઈ પગલાંને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
ડી. આર. ભમ્મર,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-નું તારીખ: **૨૩મી ડિસેમ્બર, ૨૦૨૪-નું જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૬/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૨૩૫/ચ.-**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,
સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૬/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૨૩૫/ચ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલી વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારમાંથી, કોલમ ૫માં દર્શાવેલો સ્થાનિક વિસ્તાર બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોનું બનતું, કોલમ ૬માં દર્શાવેલ નવું ગામ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો	નવા બનેલા ગામનું નામ	નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઈડર	નેત્રામલી	૧. નેત્રામલી ૨. દેવગઢ કંપા ૩. બોરી કંપા ૪. કૃષ્ણનગર ૫. ગણેશપુરા	૧. ગણેશપુરા	નેત્રામલી	૧. નેત્રામલી ૨. દેવગઢ કંપા ૩. બોરી કંપા ૪. કૃષ્ણનગર
					ગણેશપુરા	ગણેશપુરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સિમરન પોપટાણી,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના તારીખઃ **૩જી ફેબ્રુઆરી, ૨૦૨૫**-ના સરકારી **હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫-નો ૦૪/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૫૪૭/ સેક્શન-જે.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ફેબ્રુઆરી, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક. કેપી/૨૦૨૫-નો ૦૪/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૫૪૭/સેક્શન-જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૭મી ઓક્ટોબર, ૨૦૨૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી/૨૦૨૩નો ૧૭૭/યુડીયુએચડી/ એમઆઈએસ/૧૮/૨૦૨૩/૭૧૦૧/એમ સેક્શન-થી, આ સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણેના વિસ્તારોને, નાના શહેરી વિસ્તારો તરીકે જાહેર કર્યા છે અને આવા વિસ્તારોને, ગોધરા મ્યુનિસિપાલિટીના મ્યુનિસિપલ વિસ્તારો તરીકે જાહેર કરે છે અને સદરહુ વિસ્તારો, ગોધરા મ્યુનિસિપાલિટીનો ભાગ બનશે.

અને ગોધરા મ્યુનિસિપાલિટીનો ભાગ હોવાથી, સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારોનો, સંબંધિત તાલુકા પંચાયત, ગોધરાના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય

તેવા તાલુકા પંચાયત, ગોધરાના ચૂંટાયેલા પ્રતિનિધિના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, ગોધરાના સંબંધિત મતદાર વિભાગનો ચૂંટાયેલો પ્રતિનિધિ, તાલુકા પંચાયત, ગોધરાનો પ્રતિનિધિ હોતો બંધ થતો હોવાથી, તાલુકા પંચાયત, ગોધરાના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, ગોધરાના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિમય, ૧૯૯૩ (સન ૧૯૯૩-ના ગુજરાતના ૧૮-મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આંથી,-

૧. વિદ્યમાન ગોધરા તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૩૪માંથી ઘટાડીને ૩૨ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા હોય તેવા, ગોધરા તાલુકા પંચાયતના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા ગોધરા તાલુકા પંચાયતના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	પંચમહાલ	ગોધરા	૧૫-જાફરાબાદ	અલ્પેશકુમાર સુરપાલસિંહ મીનામા
૨.	પંચમહાલ	ગોધરા	૩૨-વાવડી બુજર્ગ	પ્રિયંકાબેન પ્રિન્સકુમાર ડામોર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મહેશકુમાર ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**-ના તારીખઃ **૪થી એપ્રિલ, ૨૦૨૫**-ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીજી/૪૮/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૩૬.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંકઃ જીજી/૪૮/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૩૬:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા જેટકો (ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન)ના ૬૬ કેવી સરા સબ-સ્ટેશન, ગામ: સરા, તા: વાંસદા, જિ: નવસારી, ગુજરાતને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ. ૬૬ કેવી સરા સબ સ્ટેશન.	ગામ: સરા તાલુકો: વાંસદા જિલ્લો: નવસારી	૯૨	પૂર્વે: સરવે નં. ૯૨ ની જમીન
		કુલ ક્ષેત્રફળ: ૪૯૦૦ ચોરસ મીટર	પશ્ચિમે: સરા ગામનો આંતરિક માર્ગ
		પ્રતિબંધિત ક્ષેત્રફળ: ૪૦૫૦ ચોરસ મીટર	ઉત્તરે: સરવે નં. ૯૨ ની જમીન
			દક્ષિણે: સરવે નં. ૯૨ ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**-ના તારીખ: **૩૦મી મે, ૨૦૨૫**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી/૮૯/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૩.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૮૯/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૩:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળના વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં જણાવેલ ૬૬ કેવી ચાચકા સબ-સ્ટેશન, ગામ: ચાચકા, તાલુકો: ચુડા, જિલ્લો: સુરેન્દ્રનગરને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળના નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ. ૬૬ કેવી ચાચકા સબ-સ્ટેશન,	ગામ: ચાચકા તાલુકો: ચુડા જિલ્લો: સુરેન્દ્રનગર.	૧૬૪૩/પૈકી ૧/૯/૧/પૈકી ૧૧ કુલ ક્ષેત્રફળ: ૩૯૬૪.૨૪ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર	પૂર્વે: ચુડા-ભેંસજાળ રોડ પશ્ચિમે: સરવે નં. ૧૬૪૩/પૈકી ૧/૯/૧-ની જમીન ઉત્તરે: સરવે નં. ૧૬૪૩/ પૈકી ૧/૯/૧-ની જમીન દક્ષિણે: સરવે નં. ૧૬૪૩/ પૈકી ૧/૯/૧-ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના તારીખઃ **૭મી માર્ચ, ૨૦૨૫**-ના **જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૦/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૩૬૫/ચઃ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી માર્ચ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૦/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૩૬૫/ચઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદના ૨૪૩ના ખંડ (જ) થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી;

(૧) અનુસૂચિના કોલમ ૩-માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારમાંથી, કોલમ ૫-માં દર્શાવેલા સ્થાનિક વિસ્તાર બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭-માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬-માં દર્શાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો	નવા બનેલા ગામોના નામ	નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	તલાલા (ગીર)	માધુપુર-જાંબુર	૧. માધુપુર ૨. જાંબુર	૧. જાંબુર	માધુપુર	૧. માધુપુર
					જાંબુર	૧. જાંબુર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**-ના તારીખઃ **૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીવી-૨૦૨૪નો ૪૨૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેકશન.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીવી-૨૦૨૪નો ૪૨૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેકશનઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ન-ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, વિસ્તારોની વસ્તી, તેમાંની વસ્તીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે પ્રાપ્ત થતું મહેસૂલ, બિન-કૃષિવિષયક પ્રવૃતિઓમાંના રોજગારની ટકાવારી અને તે વિસ્તારોના આર્થિક અગત્યને ધ્યાને લઈ, આથી, ધારી ગ્રામ પંચાયત, પ્રેમપરા ગ્રામ પંચાયત, હરીપરા ગ્રામ પંચાયત, વેકરીયાપરા ગ્રામ પંચાયત અને નબાપરા-લાઈનપરા જૂથ ગ્રામ પંચાયત, જિલ્લા અમરેલી-ને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ હેઠળ જાહેર કરલા ગામમાં, બનેલા સ્થાનિક વિસ્તારોને ''નાના શહેરી વિસ્તારો'' તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**-ના તારીખઃ **૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૪નો ૪૨૩/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેકશન.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક. કેવી-૨૦૨૪નો ૪૨૩/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેકશન: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ન-ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૪ નો ૪૨૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેકશનથી, ધારી ગ્રામ પંચાયત, પ્રેમપરા ગ્રામ પંચાયત, હરીપરા ગ્રામ પંચાયત, વેકરીયાપરા ગ્રામ પંચાયત અને નબાપરા-લાઈનપરા જૂથ ગ્રામ પંચાયત, જિલ્લા અમરેલીના સ્થાનિક વિસ્તારોને, નાના શહેરી વિસ્તારો તરીકે જાહેર કર્યા છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૫-ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ નાના શહેરી વિસ્તારની બનેલી ''ધારી નગરપાલિકા''ની રચના કરે છે;

ધારી નગરપાલિકાના સ્થાનિક વિસ્તારોમાં આવેલી સરકારી જમીન, ધારી નગરપાલિકામાં નિહિત થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.04 08:21:11 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar